Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-4, March-2025

# રચનાત્મક કાર્યક્રમ દ્વારા ભારતના વિકાસની ગાંધીની દૃષ્ટિ

ડૉ. હરિભાઇ એમ.પટેલ

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

*: સારાંશ :*

*મહાત્મા ગાંધીના રચનાત્મક કાર્યક્રમો ભારતમાં સામાજિક અને આર્થિક સુધારા કરવા માટેની વ્યાપક યોજના હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને સશક્ત બનાવવા, આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા તથા અહિંસક અને વિકસિત સમાજરચનાના નિર્માણનો હતો. 1941માં ગાંધીજી દ્વારા પ્રબોધેલ આ રચનાત્મક કાર્યક્રમો ગાંધીજીના અહિંસક પ્રતિકાર અને સામુદાયિક વિકાસની ફિલસૂફીના ચાવીરૂપ તત્વો સમાન હતા.*

*ગાંધીજીએ "રચનાત્મક કાર્યક્રમ" દ્વારા ભારતમાં અને ત્યારબાદ સમગ્ર માનવજાતની વિકાસ અને ક્રાંતિ માટેની કાર્ય યોજના તૈયાર કરી હતી. આ કાર્યક્રમો દ્વારા તેમણે તેમના સ્વપ્નના ભારતની વ્યાપક દ્રષ્ટિ રજૂ કરી હતી. આ કાર્યક્રમો વ્યક્તિના આંતરિક પરિવર્તનની બ્લુપ્રિન્ટ હતી, જેના દ્વારા સામાજિક પરિવર્તનના રસ્તાનું નિર્માણ થઇ શકે. 'રચનાત્મક કાર્યક્રમ' દ્વારા ગાંધીજી આઝાદી પછીના ભારત માટે જનતાને તૈયાર કરી રહ્યા હતા. તેમની આ દ્રષ્ટિનું બીજ તેમને જ્હોન રસ્કિનના પુસ્તક 'અન ટુ ધીસ લાસ્ટ' માંથી મળ્યું હતું.*

***ચાવીરૂપ શબ્દો :** સ્વ-નિર્ભરતા, સર્વોદય, સંવાદિતા, સ્વદેશી, શોષણમૂલક સમાજ, રચનાત્મક કાર્યક્રમ, વિકસિત ભારત*

**પ્રસ્તાવના :**

ગાંધીજીએ "રચનાત્મક કાર્યક્રમ" દ્વારા ભારતમાં અને ત્યારબાદ સમગ્ર માનવજાતની ક્રાંતિ માટેની કાર્ય યોજના તૈયાર કરી હતી. આ કાર્યક્રમો દ્વારા તેમણે તેમના સ્વપ્નના ભારતની વ્યાપક દ્રષ્ટિ રજૂ કરી હતી. આ કાર્યક્રમો વ્યક્તિના આંતરિક પરિવર્તનની બ્લુપ્રિન્ટ હતી, જેના દ્વારા સામાજિક પરિવર્તનના રસ્તાનું નિર્માણ થશે. 'રચનાત્મક કાર્યક્રમ' દ્વારા ગાંધીજી આઝાદી પછીના ભારત માટે જનતાને તૈયાર કરી રહ્યા હતા. તેમની આ દ્રષ્ટિનું બીજ તેમને જ્હોન રસ્કિનના પુસ્તક 'અન ટુ ધીસ લાસ્ટ' માંથી મળ્યું હતું.

ગાંધીજીએ સેવાગ્રામથી બારડોલી સુધીની ટ્રેનની મુસાફરી દરમિયાન એક નાનકડી પુસ્તિકા લખી હતી. જેમાં તેમણે સ્વાતંત્ર્ય ચળવળ સાથે જોડાયેલા તમામ લોકોને કેટલાક મૂળભૂત મુદ્દાઓ પર ધ્યાન આપવા કહ્યું હતું. તેના 13 મુદ્દા હતા, જેમાં તેમણે પાછળથી વધુ 5 મુદ્દા ઉમેર્યા. આ રીતે, કુલ 18 મુદ્દાઓનો એક રચનાત્મક કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો, જે તેમના માટે ભારતીય સમાજના સામાજિક-આર્થિક પુનર્ગઠન અને ભારતના વિકાસની બ્લુપ્રિન્ટ બની ગયું હતું. [1] આ યોજના રાષ્ટ્રીય પુનઃનિર્માણ માટે એક વ્યાપક કાર્યક્રમ હતો. વાસ્તવમાં તે સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની સાથે સાથે સ્વતંત્રતા

જાળવી રાખવાની અને સમગ્ર ભારતના સર્વાંગીણ વિકાસની યોજના હતી. તેથી તેની પ્રાસંગિકતા આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે.

"ગાંધીજી માનતા હતા કે જો અહિંસાના જ્ઞાન સાથે રચનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં ન આવે તો ભારત આઝાદી મેળવવાનું મુખ્ય પરિણામ મેળવી શકે નહીં." [2] તેમનો ઉદ્દેશ્ય અહિંસા દ્વારા સ્વતંત્રતા હાંસલ કરવાનો અને પોતાના સંસાધનોનો ઉપયોગ કરીને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયાને વેગ આપવાનો હતો. આ કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રીય ચળવળમાં સામાન્ય જનતાની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ રચનાત્મક કાર્યક્રમોનો હેતુ સામાન્ય લોકોમાં આંતરિક ચેતના પેદા કરવાની સાથે સાથે તેમના અધિકારો અને ફરજોથી વાકેફ કરવા માટેનો હતો.

ગાંધીજીને દૃઢ વિશ્વાસ હતો કે આત્મનિર્ભર ગામો થકી જ ન્યાયી સામાજિક વ્યવસ્થા સંભવી શકે તથા આ દેશને રચનાત્મક કાર્યકરો અને નીતિ ઘડનારાઓ આપી શકાય. તેમના મતે જ્યારે આપણે ગામડાઓનું પુનઃનિર્માણ કરીશું ત્યારે જ રાષ્ટ્રનું પુનરનિર્માણ કરી શકીશું. ચંપારણ (1917), સેવાગ્રામ (1920), અને વર્ધા (1938)માં તેમના આવા પ્રયાસોમાં તેમની સ્પષ્ટ દૃષ્ટિ દેખાય છે.

ગાંધીજીએ 1922માં લખ્યું હતું કે "રચનાત્મક કાર્યક્રમો આપણને શાંત અને સ્થિર સ્વભાવ આપે છે. તે આપણી ભાવનાને જાગૃત કરશે, આપણને મહેનતુ અને સ્વરાજ માટે યોગ્ય બનાવશે." ગાંધીજી માનતા હતા કે જો આ કાર્યક્રમને દેશવાસીઓ તેની પૂર્ણતાથી અમલમાં મૂકે અથવા તેનો ઉપયોગ કરે તો ભવિષ્ય માટે સ્વતંત્રતા એ સ્વપ્ન નથી.

ગાંધીના શબ્દોમાં કહીએ તો, રાજકીય સ્વતંત્રતા કરતાં સામાજિક આર્થિક સ્વતંત્રતા ખૂબ જ જરૂરી અને મહત્વપૂર્ણ છે. તેથી અંગ્રેજો સામે લડવાના સાધન તરીકે રચનાત્મક કાર્યક્રમો મૂકે છે. તેઓ તેમની માત્ર રાજકીય પ્રવૃત્તિઓ માટે નહીં પણ તેમના રચનાત્મક કાર્યો દ્વારા ભારતના તેમજ વિશ્વના ઈતિહાસમાં પ્રખ્યાત વ્યક્તિત્વ બની ગયા. તેમણે વર્ષ 1931 માં ટાંક્યું હતું કે તેમના મતે સામાજિક સુધારણા પ્રાથમિક છે અને રાજકીય કાર્ય તેમના જીવન માટે ગૌણ છે. તે દરેક માનવીની સુખાકારીને ઉત્થાન આપવા માંગતા હતા. જેથી દરેક માનવી પોતાના રાજકીય ધ્યેયોથી જાતે જાગૃત થઈ શકે. દેશને આપેલા તેમના રચનાત્મક સંદેશમાં હિંસા અને બળજબરી માટે કોઈ સ્થાન નહોતું.

**પ્રસ્તુત અભ્યાસના હેતુઓ** :

1. મહાત્મા ગાંધીએ આપેલા રચનાત્મક કાર્યક્રમોનો અભ્યાસ કરવો.
2. રચનાત્મક કાર્યક્રમો દ્વારા ભારતના વિકાસની ગાંધીની દૃષ્ટિનો અભ્યાસ કરવો.
3. પ્રવર્તમાન સમયમાં રચનાત્મક કાર્યક્રમોની પ્રસ્તુતતા તપાસવી.

**સંશોધન પદ્ધતિ** :

પ્રસ્તુત અભ્યાસ માટે ઐતિહાસિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ માટે પ્રાથમિક અને ગૌણ સંદર્ભસ્થાનો અને સ્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મહાત્મા ગાંધીના મૂળભૂત પુસ્તકો, ગાંધીજીના લેખો, સંદર્ભ પુસ્તકો ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સામાયિકો, જર્નલ્સ વગેરેનો ઉપયોગ કરીને રચનાત્મક કાર્યક્રમોનો તાત્વિક અર્થ તથા પ્રવર્તમાન સમયમાં રચનાત્મક કાર્યક્રમોની પ્રસ્તુતતા તપાસવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**રચનાત્મક કાર્યક્રમના સિદ્ધાંતો / તત્વો** :

ગાંધીજીએ આપેલા રચનાત્મક કાર્યક્રમો કેટલાક મુખ્ય સિદ્ધાંતો/તત્વો પર આધારિત હતા. જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

1. **અહિંસા** : ગાંધીજી માનતા હતા કે અહિંસા એ સામાજિક પરિવર્તન હાંસલ કરવાનું સૌથી અસરકારક માધ્યમ છે. તેમણે અન્યાયી પ્રણાલીઓ સાથે શાંતિપૂર્ણ પ્રતિકાર અને અસહકારની હિમાયત કરી.

2. **સ્વ-નિર્ભરતા** : આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતીયોમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, સ્થાનિક ઉત્પાદન અને વપરાશને પ્રોત્સાહિત કરીને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો હતો.

3. **સામુદાયિક વિકાસ (ગ્રામ સ્વરાજ)** : ગાંધીજી માનતા હતા કે સામાજિક અને આર્થિક પ્રગતિ માટે સામુદાયિક વિકાસ અત્યંત જરૂરી છે.

4. **સર્વોદય દ્વારા હાંસિયામાં રહેલા લોકોનું સશક્તિકરણ** : આ કાર્યક્રમનો હેતુ મહિલાઓ, દલિતો અને આદિવાસી જૂથો સહિત હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને તેમના શિક્ષણ, આરોગ્ય અને આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન આપીને ભારતનો સર્વાંગીણ વિકાસ કરવાનો હતો.

5. **સાદું જીવન** : ગાંધીજી સરળ, સાદું અને સાત્વિક જીવન જીવવામાં માનતા હતા. તેમણે એવી જીવનશૈલીની હિમાયત કરી હતી કે જે ભોગવૃત્તિને ઓછી કરે અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપે.

6. **સત્ય અને પારદર્શિતા** : ગાંધીજી માનતા હતા કે સમાજના લોકોનો વિશ્વાસ સંપાદન કરવા માટે અને સામાજિક પરિવર્તનને પ્રોત્સાહન આપવા માટે સત્ય અને પારદર્શિતા જરૂરી છે. તેમણે જીવનના તમામ પાસાઓમાં પ્રમાણિકતા, પારદર્શિતા અને જવાબદારીની હિમાયત કરી હતી.

7. **શોષણમુક્ત સમાજ** : રચનાત્મક કાર્યક્રમનો હેતુ કુદરતી સંસાધનો અને માનવ શ્રમના બિન-શોષણને પ્રોત્સાહન આપવાનો હતો. ગાંધીજીએ ટકાઉ અને સમાન આર્થિક વ્યવસ્થાની હિમાયત કરી હતી.

8. **સામાજિક સંવાદિતા** : ગાંધીજી માનતા હતા કે સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવા માટે સામાજિક સમાનતા જરૂરી છે. તેમણે સામાજિક અને આર્થિક

અસમાનતાઓને દૂર કરી સામાજિક સંવાદિતા દ્વારા ભારતના તમામ વર્ગના લોકોનો ઉત્કર્ષ કરવા માંગતા હતા.

**9. સ્વદેશી** : રચનાત્મક કાર્યક્રમનો ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદન અને વપરાશને પ્રોત્સાહિત કરીને આર્થિક સ્વ-નિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો હતો. ગાંધીજીએ વિદેશી વસ્તુઓ અને સેવાઓના બહિષ્કારની દ્વારા તેમના આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર કરવા માંગતા હતા.

**10. ગ્રામોદ્યોગ** : સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ગ્રામોદ્યોગ જરૂરી છે. તેમણે ખાદી, હસ્તકલા અને અન્ય ગ્રામ્ય ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ માટે ભગીરથ પ્રયાસ કર્યા હતા.

આ સિદ્ધાંતો ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમના પાયા સમાન હતા, જેનો ઉદ્દેશ્ય ભારતમાં સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનને પ્રોત્સાહન આપી અહિંસક નૂતન સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરવાનો અને ભારતના સર્વાંગીણ વિકાસનો હતો. આ કાર્યક્રમ દ્વારા તેઓ ભારતવર્ષના દરેક ક્ષેત્રને સ્પર્શવા માંગતા હતા. મહાત્મા ગાંધીએ આપેલા રચનાત્મક કાર્યક્રમોની યાદી આ મુજબ છે.....

**રચનાત્મક કાર્યક્રમો** :

| | |
|---|---|
| 1. કોમી એકતા | 2. અસ્પૃશ્યતાનિવારણ |
| 3. દારૂબંધી | 4. ખાદી |
| 5. બીજા ગ્રામોદ્યોગ | 6. ગ્રામ સફાઇ |
| 7. પાયાની કેળવણી | 8. પ્રૌઢ શિક્ષણ |
| 9. સ્ત્રીઓ | 10. તંદુરસ્તીના નિયમોની કેળવણી |
| 11. પ્રાંતીય ભાષાઓ | 12. રાષ્ટ્ર ભાષાઓ |
| 13. આર્થિક સમાનતા | 14. કિસાનો |
| 15. મજૂરો | 16. આદિવાસીઓ |
| 17. રક્તપિત્તના દર્દીઓ | 18. વિદ્યાર્થીઓ |

**(1) કોમી એકતા** - ગાંધીજીએ ભારતમાં કોમી એકતા સાધવા માટે ભગીરથ પ્રયાસ કર્યા. પોતાના જીવનની પરવા કર્યા વગર તેઓ શાંતિ અને કોમી એખલાસ સ્થાપવા માટે ઘણીવાર આમરણ ઉપવાસ ઉપર પણ ગયા. તેઓ માનતા હતા કે કોમવાદમાં દેશની અખંડિતતાને નષ્ટ કરવાની ક્ષમતા છે. ૧૯૪૪માં ગાંધીજીએ એક પત્રમાં લખ્યું હતું કે, “હિન્દુ-મુસ્લિમ એકતા મારા જીવનનો ઉદ્દેશ્ય છે; પરંતુ વિદેશી શક્તિને હાંકી કાઢ્યા વિના આપણા માટે આ ધ્યેય હાંસલ કરવું શક્ય નથી. ગાંધીજી હિન્દુ-મુસ્લિમ એકતાના પાયા પર આધારિત ધર્મનિરપેક્ષ ભારતની તરફેણમાં હતા. તેમનો હિન્દુ ધર્મ સહિષ્ણુ, સમાવેશી, ઉદાર અને અન્યની માન્યતાઓનો આદર કરતો

હતો. સમગ્ર વિશ્વના ઇતિહાસમાં ગાંધીની જેમ આંતર-ધાર્મિક સંવાદિતાને આર્થિક અને રાજકીય ચળવળનો કેન્દ્રિય એજન્ડા બનાવનાર બીજા કોઈ નેતા જોવા મળતા નથી. [3] ગાંધીજી જીવનભર હિન્દુ-મુસ્લિમ એકતાના સમર્થક રહ્યા અને આ કારણે તેમની હત્યા પણ કરવામાં આવી. આજે દેશના કેટલાક લોકો તેમના પર દેશના ભાગલા પાડવાનો આરોપ લગાવે છે, જ્યારે તેઓ પહેલા રાજકારણી હતા જેમણે હિન્દુ-મુસ્લિમ એકતા અને સંવાદિતાનો માર્ગ મોકળો કર્યો હતો. [4]

એક સુમેળભર્યા, સમાવિષ્ટ અને સમૃદ્ધ સમાજના નિર્માણ માટે સાંપ્રદાયિક એકતા જરૂરી છે. તે સામાજિક સંવાદિતા, આર્થિક વિકાસ, રાજકીય સ્થિરતા અને નૈતિક મૂલ્યોને પ્રોત્સાહન આપે છે જે ભારતના સર્વાંગીણ વિકાસ માટે અત્યંત જરૂરી બાબત છે.

ભારતના વિકાસમાં સાંપ્રદાયિક એકતાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, તેના રાજકીય, સામાજિક અને આર્થિક પરિદૃશ્યને આકાર આપ્યો છે. ધર્મ, ભાષા અને સંસ્કૃતિમાં ભારતની વિવિધતાને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય પ્રગતિ સુનિશ્ચિત કરવામાં સાંપ્રદાયિક સંવાદિતા આવશ્યક રહી છે. ભારતના વિકાસમાં સાંપ્રદાયિક એકતા આંતરિક સંઘર્ષોને અટકાવી સ્થિરતા અને પ્રગતિ સુનિશ્ચિત કરે છે. આમ, સાંપ્રદાયિક એકતા ભારતની શક્તિ અને સ્થિતિસ્થાપકતાનો પાયાનો પથ્થર છે. જેનાથી વધુ વિકસિત અને અખંડ ભારત બની શકે છે.

**(2) અસ્પૃશ્યતાનિવારણ** - ગાંધીજી માટે અસ્પૃશ્યતા નાબૂદીનો અર્થ "સમગ્ર વિશ્વ પ્રત્યે પ્રેમ, સેવા અને બંધુતા" હતો. અસ્પૃશ્યતા નાબૂદ કરવાનો અર્થ એ છે કે વિવિધ વર્ગના લોકો વચ્ચેના તફાવતોનો અંત લાવવો. ગાંધીજીને લાગ્યું કે અસ્પૃશ્યતા હિંદુ ધર્મ માટે અભિશાપ છે. ગાંધીજી ભારતમાં 'સ્વરાજ' લાવવા માંગતા હતા અને અસ્પૃશ્યતા દૂર કર્યા વિના તે શક્ય ન હતું. સામાજિક એકતા માટે આટલો જૂનો અવરોધ દૂર કરવા તેમણે હરિજન અખબાર શરૂ કરીને અને હરિજનો માટે ભંડોળ એકત્ર કરીને અસ્પૃશ્યતાનિવારણ માટે પ્રયાસો કર્યા હતા. કાયદા દ્વારા તેમજ વ્યવહારમાં અસ્પૃશ્યતાને સંપૂર્ણ રીતે દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે તેમણે 1932માં હરિજન સેવક સંઘની સ્થાપના કરી હતી. ગાંધી યુગના આંદોલનોની સૌથી મોટી ખાસિયત એ હતી કે તેમણે વિદેશી શક્તિઓ સામે સતત સંઘર્ષ ચાલુ રાખીને, દેશમાં પણ આંતરિક અસમાનતાઓ ઘટાડવાના સતત પ્રયાસ કર્યા. કદાચ આ જ કારણસર તેઓ સ્વતંત્રતા ચળવળને જન આંદોલનમાં પરિવર્તિત કરવામાં સફળ રહ્યા.

પ્રવર્તમાન સમયમાં અસ્પૃશ્યતા નાબૂદીએ ભારતના વિકાસમાં, ખાસ કરીને સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. અસ્પૃશ્યતા નાબૂદીએ

હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સામે ભેદભાવપૂર્ણ પ્રથાઓને દૂર કરીને સામાજિક બહિષ્કાર ઘટાડવામાં અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપવામાં મદદ મળી છે. આ ઉપરાંત હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને શિક્ષણ, રોજગાર અને આર્થિક તકો મેળવવામાં સક્ષમ બનાવ્યા છે, જેનાથી તેમનું આર્થિક સશક્તિકરણ થયું છે. અસ્પૃશ્યતા નાબૂદી ભારતમાં માનવ અધિકારોને જાળવી રાખવામાં એક મહત્વપૂર્ણ પગલું રહ્યું છે. આમ,અસ્પૃશ્યતા નિવારણ દ્વારા સામાજિક સમાનતા, આર્થિક ન્યાય અને માનવીય ગૌરવને પ્રસ્થાપિત કરી ભારતની લોકશાહીને મજબૂત બનાવવાનું મહત્વપૂર્ણ કાર્ય થયું છે.

(3) **દારૂબંધી** - ગામડાના લોકોમાં વ્યાપ્ત દારૂ અને નશાકારક વ્યસનો દૂર કરીને જ સ્વતંત્રતા આંદોલનને વેગ આપી તેને ક્રાંતિમાં પરિવર્તિત કરી સફળ બનાવી શકાય એવું ગાંધીજી માનતા હતા. ગાંધીજીએ એક વાર કહ્યું હતું કે "જો મને એક દિવસ માટે સરમુખત્યાર બનાવવામાં આવે તો હું સૌથી પહેલું કામ એ કરીશ કે કોઈપણ પ્રકારનું વળતર આપ્યા વગર દારૂની બધી દુકાનો બંધ કરાવી દઇશ."[5] તેમણે યંગ ઇન્ડિયામાં લખ્યું, "હું ભારતનો ગરીબ વ્યક્તિ બનવાનું પસંદ કરીશ. પણ હું સહન નથી કરી શકતો કે ભારતના હજારો લોકો શરાબી હોય, જો ભારતમાં દારૂબંધી માટે મારે લોકોને શિક્ષિત કરવાનું બંધ કરવું પડે તો મને કોઈ વાંધો નથી, હું તે કિંમત ચૂકવીને પણ દારૂબંધી કરીશ. આ ઉપરાંત ચંપારણ સત્યાગ્રહ દરમિયાન ગાંધીજીએ કહ્યું હતું કે, દારૂ આત્મા અને શરીરનો નાશ કરે છે. યુવા પેઢી માટે આ ખૂબ જ નુકસાનકારક છે.

દેશની વર્તમાન પરિસ્થિતિમાં ગાંધીજીનો દારૂબંધીનો સિદ્ધાંત ખૂબ જ અસરકારક છે, કારણ કે આજે તે દેશની એક ગંભીર અને વિચારવા યોગ્ય સમસ્યા છે. આજે ભારતનું યુવાધન દારૂ જેવી નશાકારક વસ્તુઓના સેવનથી પાયમાલીના રસ્તે છે ત્યારે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમ તરીકે આપેલ દારૂબંધીનો કાર્યક્રમ આજે પણ એટલો જ પ્રસ્તુત છે. દારૂબંધી યુવા પેઢી માટે ઉજ્જવળ ભવિષ્ય, મહિલાઓ માટે સુરક્ષા પૂરી પાડવા માટેનો એક સરળ અને સર્વોત્તમ માર્ગ છે.

(4) **ખાદી** - ગાંધીજી ખાદીને આર્થિક નિર્ભરતા, સમાનતા અને સ્વતંત્રતાના પ્રતિક તરીકે પ્રસ્થાપિત કરવા માંગતા હતા. તેઓ ખાદીને સૌરમંડળના સૂર્ય તરીકે ચિહ્નિત કરી રચનાત્મક કાર્યક્રમમાં ખાદીને કેન્દ્રબિંદુ બનાવવા માંગતા હતા. વિકાસના પુનર્નિર્માણના તબક્કામાં, તેઓ ઇચ્છતા હતા કે ગામડાઓ શહેરીક્ષેત્રો પર નિર્ભર ન રહે અને આત્મનિર્ભર બને તે માટે ભારતની કૃષિ અર્થવ્યવસ્થા તરીકે તેઓ ગ્રામવાસીઓ માટે ઉત્પાદક પ્રવૃત્તિ તરીકે કાંતણ અને વણાટ ઇચ્છતા હતા. તેમનું માનવું હતું કે ખાદી વિના કોઈ પણ

ઉદ્યોગનો વિકાસ થઈ શકે નહીં. ખાદી અને ગ્રામોદ્યોગની ભૂમિકા એકબીજાની પૂરક છે. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન મહાત્મા ગાંધી દ્વારા આત્મનિર્ભરતાના પ્રતીક તરીકે રજૂ કરાયેલ ખાદી ગ્રામીણ રોજગાર, આર્થિક વિકાસ અને ટકાઉ વિકાસના મુખ્ય પ્રેરક તરીકે વિકસિત થઈ  છે. ગાંધીએ બ્રિટિશ ઉદ્યોગો સાથે અસહકારને પ્રોત્સાહન આપવા, વિદેશી માલ પર નિર્ભરતા ઘટાડવા માટે ખાદીને લોકપ્રિય બનાવી હતી.

આજે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં વણકર અને ગ્રામીણ કામદારોને રોજગાર પૂરો પાડે છે. તે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને પ્રોત્સાહન આપે છે, જે સ્થાનિક ઉદ્યોગસાહસિકતાને વેગ આપે છે. ખાદી હાથથી બનાવેલી હોવાથી તેમાં ઓછામાં ઓછી ઉર્જાનો ઉપયોગ થાય છે, જે કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડે છે તથા કૃત્રિમ સામગ્રી અને રાસાયણિક પ્રક્રિયાઓને ટાળીને પર્યાવરણને અનુકૂળ ફેશનને પ્રોત્સાહન આપે છે. ટકાઉ કાપડ પ્રત્યે વધતી જાગૃતિ સાથે, ખાદીને ભારતીય વારસાના પ્રતીક તરીકે "રાષ્ટ્ર માટે ખાદી, ફેશન માટે ખાદી" સ્વરૂપે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. ખાદીને અપનાવીને, ભારત પર્યાવરણને અનુકૂળ અને આત્મનિર્ભર ભવિષ્ય તરફ આગળ વધતા તેના વારસાને જાળવી રાખે છે.

**(5) ગ્રામોદ્યોગ** - ગાંધીજી માનતા હતા કે સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ જેવી સમસ્યાઓનું મૂળ કેન્દ્રીય અર્થવ્યવસ્થા છે. તેમણે કહ્યું કે ભારે ઉદ્યોગોને બદલે નાના ગૃહ ઉદ્યોગ અને કુટીર ઉદ્યોગોની સ્થાપના કરવી જરૂરી છે; તેઓ Not Mass Production, But Production by Masses માં શ્રદ્ધા ધરાવતા હતા. તેમની આ દૃષ્ટિમાં સ્વદેશી ચળવળની પરિકલ્પના તો હતી જ સાથે સાથે આત્મનિર્ભર અને સ્વાવલંબી ગ્રામ નિર્માણની કલ્પના પણ સમાવિષ્ટ હતી. [6] ગાંધીજી ભારતમાં ગ્રામીણ આત્મનિર્ભરતા તથા લોકશાહી અને આર્થિક સમાનતા માટે કુટીર ઉદ્યોગોને આવશ્યક માનતા હતા. આજે દુનિયા પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહી છે ત્યારે સૂક્ષ્મ(Micro)અને સ્થૂળ(Macro) અર્થશાસ્ત્રની ઘણી સમસ્યાઓના ઉકેલ માટે વૈશ્વિક અભિગમની જરૂર છે. ભારતમાં MSMEs (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો) ક્ષેત્ર અર્થતંત્રનો એક મોટો ભાગ છે. જ્યાં સક્રિય આયોજનની મદદથી ટેકનોલોજીની શક્તિનો ઉપયોગ કરી આપણા રાષ્ટ્રના આર્થિક અને સામાજિક માળખાને સુદૃઢ બનાવી શકાય તેમ છે. [7]

કુટીર ઉદ્યોગો ભારતની સાંસ્કૃતિક સર્જનાત્મકતાની અભિવ્યક્તિ છે. કુટીર ઉદ્યોગ સૌંદર્ય,ઉત્સવ અને કલાત્મકતાની સાથે આજીવિકાના સાધન તરીકે પણ મહત્વપૂર્ણ છે. હાલમાં કુટીર ઉદ્યોગો પર બજાર અને વપરાશકર્તાઓની અસર વધી

રહી છે, તેથી આ ક્ષેત્રમાં આયોજિત હસ્તક્ષેપની જરૂર છે. બજારનું બદલાતું સ્વરૂપ, ગ્રાહકોની માંગ અને વધતી જતી સ્પર્ધાને કારણે, આ ક્ષેત્રમાં ઘણીબધી સંભાવનાઓ રહેલી છે. આજે, નાના ગ્રામ ઉદ્યોગો લાખો લોકોને રોજગારી પૂરી પાડે છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, બેરોજગારી અને શહેરી કેન્દ્રોમાં સ્થળાંતર ઘટાડે છે. સ્થાનિક રીતે ઉપલબ્ધ કાચા માલ અને સંસાધનોનો ઉપયોગ કરીને, આ ઉદ્યોગો ગ્રામીણ સમૃદ્ધિમાં ફાળો આપે છે. આ ઉદ્યોગો ભારતના GDP અને રાષ્ટ્રીય આવકમાં નોંધપાત્ર ફાળો આપે છે. ગ્રામોદ્યોગો ભારતના હસ્તકલા, કાપડ, માટીકામ અને હાથવણાટ ઉત્પાદનોના સમૃદ્ધ વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. ભારતીય કલા અને કારીગરીની વૈશ્વિક માન્યતામાં વધારો કરે છે. ભારતના સાંગોપાંગ વિકાસ માટે આજે આ કાર્યક્રમ ખૂબ મહત્વનો છે.

(6) **ગ્રામીણ સ્વચ્છતા** - ગાંધીજીએ 1915માં સમગ્ર ભારતવર્ષનું પરિભ્રમણ કર્યું ત્યારે તેમણે જોયું કે દેશના ગામડાઓ લગભગ નરક જેવા છે. 1915માં ભારત પાછા ફર્યા પછી શરૂઆતના વર્ષોમાં તેમણે લગભગ બધી જાહેર સભાઓમાં ગ્રામીણ સ્વચ્છતાના મુદ્દાનો સમાવેશ કર્યો હતો. એક ભાષણમાં તેમણે ગ્રામ્યસ્તરના કાર્યકરોને ગામડાઓમાં ઝાડું, સાવરણી, ક્વિનાઇન અને ચરખા જેવા સ્વ-શાસન, સ્વચ્છતા અને ગ્રામીણ ઉદ્યોગના પ્રતીકો સાથે ગામડામાં જવા કહ્યું. તેમણે કહ્યું કે જાહેર સેવકોએ ગ્રામજનોને સફાઇ અને સ્વચ્છતા વિશે શિક્ષિત કરવા જોઈએ. ગ્રામસેવકોએ ગ્રામજનોમાં ખરાબ સ્વાસ્થ્ય અને રોગો અટકાવવા માટે જાગૃતિ આણવી જોઈએ. [8]

ગાંધીજી માનતા હતા કે જ્યાં શરીર સ્વચ્છ હોય, ઘર સ્વચ્છ હોય, ગામ સ્વચ્છ હોય તથા જ્યાં યોગ્ય આહાર હોય, સારું સ્વાસ્થ્ય હોય ત્યાં ઓછામાં ઓછા રોગ થાય છે અને જો મન શુદ્ધ હોય, તો એવું કહી શકાય કે રોગ લગભગ અશક્ય બની જાય છે. ગાંધીજી ગંદકીને જાહેર આરોગ્ય, સ્વચ્છતા, અર્થતંત્ર, પ્રકૃતિ અને પર્યાવરણ સાથે જોડે છે. નવી સંસ્કૃતિ બનાવવાનો ઉમદા વિચાર પણ ગ્રામીણ સ્વચ્છતામાં જ સમાયેલો છે.

સ્વચ્છતા ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જાહેર આરોગ્યમાં સુધારો કરે છે, પર્યટનને વેગ આપે છે અને જીવનની એકંદર ગુણવત્તામાં વધારો કરે છે. સ્વચ્છ ભારત અભિયાન જેવી સરકારી પહેલોએ સ્વચ્છતા માળખામાં સુધારો કર્યો છે. સ્વચ્છ પ્રવાસન સ્થળો વધુ મુલાકાતીઓને આકર્ષે છે, આવકમાં વધારો કરે છે. હેરિટેજ સ્થળો, દરિયાકિનારા અને શહેરોને સ્વચ્છ વાતાવરણનો લાભ મળે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વૈશ્વિક છબીને સુધારે છે. આજે સ્વચ્છતાને પ્રાથમિકતા આપીને, ભારત દેશ સર્વાંગી વિકાસ અને વિકસિત દેશની દિશામાં આગેકૂચ કરી રહ્યો છે.

**(7) પાયાની કેળવણી** - દેશના દરેક નાગરિકનું શિક્ષણ એ દેશની કરોડરજ્જુ સમાન છે. ગાંધીજી ઇચ્છતા હતા કે બુનિયાદી શિક્ષણ વાસ્તવિક જીવન સાથે જોડાયેલું હોય અને તે વ્યક્તિના નૈતિક મૂલ્યોનો વિકાસ કરે. ગાંધીજી સ્પષ્ટપણે માનતા હતા કે બ્રિટિશ શિક્ષણપ્રથાએ ભારતીયોને તેમની ભૂમિ અને સંસ્કૃતિથી અળગા કરી દીધા હતા. આ પરિસ્થિતિમાં જડમૂળથી બદલાવ લાવવા માટે તેમણે બુનિયાદી શિક્ષણની હિમાયત કરી. તેમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને કૃષિ, પશુપાલન અને કુટીર ઉદ્યોગ જેવી પ્રવૃત્તિઓ શીખવીને સ્વાવલંબન, આત્મનિર્ભરતા અને આત્મસન્માનનું નિર્માણ કરવાનો હતો. તેમણે તેનું નામ 'નઈ તાલીમ' રાખ્યું. જે બાળકોના સર્વાંગી અને સંકલિત વિકાસને પ્રોત્સાહન આપી શકે છે. [9]

નઇ તાલીમનો ઉદ્દેશ્ય હસ્તકલા દ્વારા બાળકોનો શારીરિક, બૌદ્ધિક અને નૈતિક વિકાસ કરવાનો છે. ગાંધીજી આના દ્વારા બે ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માંગતા હતા. પ્રથમ, બાળકોને માતૃભાષામાં શિક્ષણ દ્વારા એક વ્યવસાય શીખવવો જેથી તેઓ શિક્ષણ બાદ આજીવિકા મેળવી શકે અને બીજું, બાળકમાં આત્મનિર્ભરતા અને શ્રમનું ગૌરવ કેળવવું. ભારતના સામાજિક અને આર્થિક વિકાસમાં બુનિયાદી શિક્ષણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સ્વતંત્રતા પછી, ભારતે સાક્ષરતા, સશક્તિકરણ અને આર્થિક વિકાસ સુનિશ્ચિત કરવા માટે પ્રાથમિક શિક્ષણની પહોંચ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સાક્ષરતા દર 1951 માં લગભગ 18.3% થી વધીને તાજેતરના વર્ષોમાં 77% થી વધુ થયો છે. સર્વ શિક્ષા અભિયાન (SSA) અને શિક્ષણ અધિકાર (RTE) અધિનિયમ, 2009 જેવી સરકારી પહેલોએ બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ સુનિશ્ચિત કર્યું છે, જે બધા માટે, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો માટે સમાન તકોને પ્રોત્સાહન આપે છે. શિક્ષણે આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ વિશે જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સાક્ષરતા લોકોને આરોગ્યસંભાળ, સ્વચ્છતા અને કુટુંબ નિયોજન વિશે માહિતગાર નિર્ણયો લેવામાં મદદ કરે છે, જેના કારણે જાહેર આરોગ્યમાં સુધારો થયો છે અને મૃત્યુદરમાં ઘટાડો થયો છે. બેટી બચાવો બેટી પઢાઓ જેવા કાર્યક્રમોએ સ્ત્રી સાક્ષરતાને પ્રોત્સાહન આપ્યું છે. આમ બુનિયાદી શિક્ષણ એ ભારતની પ્રગતિનો પાયો છે, જેના દ્વારા આર્થિક વિકાસ, સામાજિક સમાનતા અને જીવનની એકંદર ગુણવત્તામાં વધારો થયો છે.

**(8) પ્રૌઢ શિક્ષણ** – પ્રૌઢ શિક્ષણ પણ ગાંધીજીના જાહેર શિક્ષણનો એક ભાગ છે. તેમનો મત હતો કે નિરક્ષરતા એ સૌથી મોટું કલંક છે; જેનો તાત્કાલિક ઉકેલ લાવવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે- "મારા મતે નિરક્ષરતા દુઃખ અને શરમ અનુભવવાનું કારણ છે." ગાંધીજી એમ પણ કહેતા હતા કે તેમના માટે પ્રૌઢ શિક્ષણ એ

માતાપિતા માટેનું શિક્ષણ હતું જેનાથી તેઓ તેમના બાળકોના ઉછેરમાં વધુ જવાબદારી લઈ શકે છે.

પ્રૌઢ શિક્ષણ ફક્ત પોતાના વિકાસ માટે જ નહીં પરંતુ દેશને પ્રગતિશીલ અને જાગૃત નાગરિકો પ્રદાન કરવા માટે પણ જરૂરી છે. ગાંધીજી સારી રીતે સમજતા હતા કે આપણા અધિકારો વિશે નિરક્ષરતા અને અજ્ઞાન આપણને ગુલામી તરફ ધકેલી રહ્યા છે ત્યારે પ્રૌઢ શિક્ષણ દ્વારા લોકશાહીને મજબૂત બનાવી શકાય તેમ છે. વ્યાવસાયિક અને કૌશલ્ય-આધારિત તાલીમ કાર્યક્રમો રોજગારક્ષમતામાં વધારો કરે છે, ઉત્પાદકતા અને આવક સ્તરમાં વધારો કરે છે. બેરોજગારી અને અલ્પ રોજગારી ઘટાડે છે. પ્રૌઢ શિક્ષણ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય વંચિત જૂથો સહિત હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને તેમની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો કરવાની તકો પૂરી પાડે છે. આમ પ્રૌઢ શિક્ષણ રાષ્ટ્રીય વિકાસ માટે એક શક્તિશાળી સાધન છે.

**(9) મહિલા સશક્તિકરણ** - સ્વરાજના તેમના મિશનમાં તેઓ મહિલા, ખેડૂત, મજૂરો અને વિદ્યાર્થીઓનો મુખ્ય સહકાર ઇચ્છતા હતા. 1930-32ના આંદોલને મહિલાઓમાં અભૂતપૂર્વ જાગૃતિ દર્શાવી. ઈતિહાસમાં પ્રથમ વખત મહાત્મા ગાંધીના પ્રયાસોથી મહિલાઓ પોતાના વતનની આઝાદી માટે ઘરની બહાર નીકળી હતી. તેમણે કહ્યું કે અહિંસક માર્ગે મહિલાઓને પુરુષો સમાન અધિકારો મળવા જોઈએ.

મહાત્મા ગાંધીના ભારતીય રાજકારણમાં પ્રવેશ સાથે મહિલાઓની સ્થિતિમાં પણ પરિવર્તન આવ્યું. મોટી સંખ્યામાં આંદોલનો અને ચળવળોમાં મહિલાઓની ભાગીદારીએ તેમનામાં જાગૃતિ અને ચેતના પેદા કરી. ગાંધીજી મિલકતમાં મહિલાઓના અધિકારોના સમર્થક હતા. તેમણે મહિલા શિક્ષણને પણ ટેકો આપ્યો હતો પરંતુ પુરુષોથી અલગ પરિવાર અને બાળ ઉછેર માટે શિક્ષણ પર ભાર મૂક્યો હતો. તેમણે વેશ્યાવૃત્તિ, સતીપ્રથા, દહેજ અને બાળ લગ્નનો વિરોધ કર્યો. રોજગાર અંગે, તેમનું માનવું હતું કે મહિલાઓએ રોજગાર અને ઘરની જવાબદારી લેવી પડશે. આમ, મહાત્મા ગાંધી પ્રગતિશીલ અને રચનાત્મક વિચારોને કારણે લોકોમાં લોકપ્રિય બન્યા. [10] તેમણે શિક્ષણ, રક્ષણ, આદર જેવા મૂળભૂત મહિલા વિકાસના રચનાત્મક કાર્યક્રમો દ્વારા તથા દારૂબંધી, અસ્પૃશ્યતા નાબૂદી અને સામાજિક દુષણોનો પરોક્ષ રીતે વિરોધ કરીને મહિલાઓના સર્વાંગી વિકાસનો માર્ગ મોકળો કર્યો.

સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં ભારતના વિકાસમાં મહિલા સશક્તિકરણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આજે મહિલાઓ દ્વારા સંચાલિત વ્યવસાયો અને સ્ટાર્ટઅપ્સે ભારતના અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. બેટી બચાવો,

બેટી પઢાઓ જેવા કાર્યક્રમોને કારણે મહિલા સાક્ષરતા દરમાં વધારો થયો છે, જેનાથી રોજગારની વધુ સારી તકો ઉભી થઈ છે. STEM ક્ષેત્રો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વધુ મહિલાઓએ ભારતમાં સંશોધન ક્ષેત્રોને મજબૂત બનાવ્યા છે. પંચાયત રાજ સંસ્થાઓમાં 33% અનામત દ્વારા શાસનમાં મહિલાઓની ભાગીદારી વધી છે, જેનાથી પાયાના સ્તરે મહિલાઓને સશક્ત બની છે. જન સુરક્ષા યોજના અને પોષણ અભિયાન જેવા કાર્યક્રમોએ માતૃત્વ અને બાળ સ્વાસ્થ્યમાં વધારો કર્યો છે. ઈસરોના ચંદ્રયાન અને મંગલયાન જેવા મિશનમાં મહિલા વૈજ્ઞાનિકોએ ભારતના ટેકનોલોજીકલ કૌશલ્યનું પ્રદર્શન કર્યું છે. સશક્ત મહિલાઓ ભારતના આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસને આગળ ધપાવે છે.

**(10) આરોગ્ય અને સ્વચ્છતા** - ગાંધીજીએ લખ્યું છે કે આપણે પશ્ચિમ પાસેથી ચોક્કસપણે એક વાત શીખી શકીએ છીએ અને તે છે શહેરોની સ્વચ્છતાનું વિજ્ઞાન. પશ્ચિમના લોકોએ સામુદાયિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનું વિજ્ઞાન વિકસાવ્યું છે. જેમાંથી આપણે ઘણું શીખવાનું છે. અલબત્ત, આપણે જરૂરિયાત મુજબ પશ્ચિમી સફાઈ પદ્ધતિઓ બદલી શકીએ છીએ. ભગવાનના પ્રેમ પછી બીજા ક્રમે સ્વચ્છતાનો પ્રેમ જીવનમાં સૌથી મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. જેમ આપણું મન અશુદ્ધ હોય તો આપણે ભગવાનનો પ્રેમ પ્રાપ્ત કરી શકતા નથી તેવી જ રીતે, જો આપણું શરીર અશુદ્ધ હોય, તો આપણે તેમના આશીર્વાદ મેળવી શકતા નથી અને શહેર અસ્વચ્છ હોય તો શરીર શુદ્ધ હોવું શક્ય નથી. [11] ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં સ્વચ્છતાના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરનારા પહેલા મોટા નેતા ગાંધીજી હતા. તેમણે આધુનિક શૌચાલય અને પશ્ચિમી સ્વચ્છતા પ્રણાલીઓને અપનાવવાની ભારપૂર્વક હિમાયત કરી હતી. હાલમાં, સ્વચ્છતા અભિયાન બધી સરકારોની પ્રાથમિકતા બની ગયું છે.

ભારતના વિકાસમાં આરોગ્ય અને સ્વચ્છતા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે આર્થિક વિકાસ, સામાજિક સુખાકારી અને જીવનની એકંદર ગુણવત્તાને પ્રભાવિત કરે છે. સ્વસ્થ વસ્તી અને સુધારેલ સ્વચ્છતા ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠામાં વધારો કરે છે, પ્રવાસન અને વિદેશી રોકાણને વેગ આપે છે. આજે આરોગ્ય અને સ્વચ્છતા ભારતના વિકાસના મૂળભૂત આધારસ્તંભ સમાન બની ગયા છે.

**(11) પ્રાંતીય ભાષાઓ** - ગાંધીજી હંમેશા માનતા હતા કે આપણે પ્રાંતીય ભાષાઓને કોઈપણ રીતે નુકસાન ન પહોંચાડવું જોઈએ. ગાંધીજીએ માતૃભાષામાં શિક્ષણને મહત્વ આપ્યું. તેમનું માનવું હતું કે પોતાની ભાષામાં જ અપાતું શિક્ષણ બાળકોની કલ્પનાશક્તિનો વિકાસ કરે છે અને દરેક બાબતોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. ભારત ભાષાકીય રીતે વૈવિધ્યસભર દેશ છે, બંધારણની આઠમી અનુસૂચિમાં 22

ભાષાઓને માન્યતા આપવામાં આવી છે અને વિવિધ રાજ્યોમાં બોલાતી સેંકડો પ્રાદેશિક બોલીઓ છે. શિક્ષણ, શાસન, સંસ્કૃતિ, અર્થતંત્ર અને સામાજિક એકીકરણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારતના વિકાસમાં પ્રાંતીય ભાષાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પ્રાંતીય ભાષાઓ ભારતની સાંસ્કૃતિક અને ઐતિહાસિક ઓળખ સાથે જોડાયેલી છે. તેઓ લોકકથાઓ, સાહિત્ય, પરંપરાગત સંગીત અને કલા સ્વરૂપોને જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 એ પ્રાથમિક સ્તરે માતૃભાષા-આધારિત શિક્ષણ પર ભાર મૂક્યો છે. સરકારી નીતિઓ, કાયદાઓ અને સત્તાવાર દસ્તાવેજોનું પ્રાદેશિક ભાષાઓમાં વધુને વધુ ભાષાંતર થઈ રહ્યું છે. જાહેર વહીવટમાં ડિજિટલ પ્લેટફોર્મ, ઇ-કોમર્સ, AI-સંચાલિત ભાષા સાધનો અને અનુવાદ સેવાઓમાં પ્રાદેશિક ભાષા સામગ્રીની માંગ ટેકનોલોજી ક્ષેત્રને વિસ્તૃત કરી રહી છે. પ્રાંતીય ભાષાઓ "વિવિધતામાં એકતા"ની ભાવનાને મજબૂત બનાવે છે. પ્રાંતીય ભાષાઓ ભારતના વિકાસનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે, જે તેના સામાજિક-આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિદૃશ્યને આકાર આપે છે. શિક્ષણ દ્વારા પ્રાદેશિક ભાષાઓને મજબૂત બનાવવાથી ભારતના સમૃદ્ધ ભાષાકીય વારસાને જાળવી રાખીને જ સમાવેશી વિકાસ અને રાષ્ટ્રીય પ્રગતિ સુનિશ્ચિત થશે.

**(12) રાષ્ટ્રભાષા** - દેશની એકતાને વધારવા અને મજબૂત કરવા અને વિવિધ ભાષાઓ બોલતા લોકો, શાસકો અને શાસિતો વચ્ચે સુમેળને પ્રોત્સાહન આપવા માટે ગાંધીજીને એક સામાન્ય ભારતીય ભાષાની જરૂરિયાત અનુભવાઈ. લોકોના અભિપ્રાય અને પોતાના અંગત અનુભવના આધારે તેઓ એવા નિષ્કર્ષ પર આવ્યા કે સામાન્ય માણસ માટે એકમાત્ર ભાષા હિન્દુસ્તાની હોઈ શકે છે. તેઓ હિન્દુસ્તાનીને પણ એ જ રીતે અખિલ ભારતીય ભાષાનો દરજ્જો આપવા માંગતા હતા

આજે હિન્દી અને અંગ્રેજી સરકારી વહીવટ અને કાનૂની કાર્યવાહી માટે સત્તાવાર ભાષાઓ છે. ભારતની આર્થિક પ્રગતિને ટેકો આપીને હિન્દી અને અંગ્રેજીનો વ્યાપકપણે બેંકિંગ, વેપાર અને ઈ-કોમર્સમાં ઉપયોગ થાય છે. હિન્દી આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવી રહી છે, જે ભારતની સાંસ્કૃતિક રાજદ્વારીને મજબૂત બનાવે છે. ભારતની ભાષાકીય વિવિધતા એક સંપત્તિ છે, જે સામાજિક એકતા, આર્થિક પ્રગતિ અને સાંસ્કૃતિક સમૃદ્ધિમાં ફાળો આપે છે. હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓનો સંતુલિત પ્રચાર દેશના સમૃદ્ધ ભાષાકીય વારસાને જાળવી રાખીને સર્વાંગી રાષ્ટ્રીય વિકાસને સુનિશ્ચિત કરે છે.

**(13) આર્થિક સમાનતા** - ટકાઉ શાંતિ અને અહિંસક કાર્યક્રમોની સફળતા માટે મહાત્મા

ગાંધી આર્થિક સમાનતા ઈચ્છતા હતા. ટ્રસ્ટીશીપના સિદ્ધાંત દ્વારા સમાજમાં સંપત્તિના સમાન વિતરણના વિચાર સાથે તેમણે કહ્યું કે શ્રીમંત લોકો સંપતિના માલિક નથી પરંતુ ટ્રસ્ટી છે અને તે પ્રમાણે વર્તવું જોઈએ. ગાંધીજીનો આર્થિક દૃષ્ટિકોણ નૈતિકતાના પાયા પર આધારિત હતો જેમાં શોષણને કોઈ અવકાશ નહોતો. ગાંધીજીનું આર્થિક દર્શન સર્વોદયના પાયા પર આધારિત હતું. જેનો અર્થ થાય છે 'બધા માટે ઉદય, બધા માટે વિકાસ'.[18] ગાંધીજી શ્રમ આધારિત આર્થિક વિકાસને ટેકો આપતા હતા. જેનાથી ગ્રામજનો, ખેડૂતો અને કામદારોને લાભ મળે છે. તત્કાલીન વૈશ્વિક પરિસ્થિતિએ તથા મૂડીવાદીઓ અને શ્રમજીવીઓ વચ્ચેના સતત સંઘર્ષે ગાંધીજીને આર્થિક સમાનતાના ખ્યાલ પર વિચાર કરવા મજબૂર કર્યા હતા. તેમના મતે, ભવિષ્યના સ્વતંત્ર ભારતમાં કોઈપણ પ્રકારનો વર્ગ સંઘર્ષ અનપેક્ષિત હતો. તેથી, આર્થિક સમાનતાને સ્વતંત્રતા આંદોલનનો પાયો બનાવી ભારતમાં મિશ્ર અર્થતંત્ર અપનાવવામાં આવ્યું હતું. [12]

આજે ભારતના વિકાસમાં આર્થિક સમાનતા માટે મનરેગા જેવી યોજનાઓએ ગ્રામીણ રોજગાર અને આવક નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આર્થિક સમાનતા એ ભારતના વિકાસનો મૂળભૂત આધારસ્તંભ છે. સમાજના તમામ વર્ગો માટે વાજબી તકો સુનિશ્ચિત કરીને, દેશ ટકાઉ આર્થિક વિકાસ, સામાજિક સ્થિરતા અને દેશના તમામ નાગરિકો ઉચ્ચ જીવનધોરણ પ્રાપ્ત કરી શકે તે માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે.

**(14) કિસાનો** - ગાંધીજી માનતા હતા કે જો ભારતીય સમાજે શાંતિપૂર્ણ માર્ગે સાચી પ્રગતિ કરવી હોય તો શ્રીમંત વર્ગે પણ સ્વીકારવું પડશે કે ખેડૂતોમાં તેમના જેવો જ આત્મા છે. તેઓ તેમની સંપત્તિને કારણે ગરીબોથી શ્રેષ્ઠ નથી. જે સખત મહેનત કરે છે તેની પાસે જમીન હોવી જોઈએ. ખેડૂતોનો જમીન પર અધિકાર છે. ખેડૂત સંઘર્ષ અને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામ વચ્ચેના આંતરસંબંધને સમજાવતા ગાંધીજીએ કહ્યું હતું કે, બારડોલીનો સંઘર્ષ ગમે તે હોય, તે સ્વરાજ પ્રાપ્તિનો સંઘર્ષ નથી, પરંતુ આવો દરેક સંઘર્ષ, દરેક પ્રયાસ આપણને સ્વરાજની નજીક લઈ જાય છે; આવા સંઘર્ષો સ્વતંત્રતા માટેના સીધા સંઘર્ષ કરતાં વધુ મદદરૂપ સાબિત થઈ શકે છે. [13]

ગાંધીજી પાસે આવી વ્યવહારુ સમજ હતી. તેથી, તેમણે ખેડૂતો અને વંચિત વર્ગોના સંઘર્ષને પોતાનો સંઘર્ષ માન્યો અને તેને સ્વતંત્રતા સંગ્રામના મુખ્ય પ્રવાહમાં સામેલ કર્યો. ભારતના વિકાસમાં ખેડૂતો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે સદીઓથી કૃષિ ઉદ્યોગ દેશના અર્થતંત્રની કરોડરજ્જુ રહી છે. ભારતના GDPમાં કૃષિનો ફાળો લગભગ ૧૮ થી ૨૦% છે. ભારતની લગભગ ૫૫% વસ્તી કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ (ડેરી, મરઘાં, માછીમારી)

પર આધાર રાખે છે. આજે પીએમ-કિસાન, સોઇલ હેલ્થ કાર્ડ, ઓનલાઇન કૃષિ-બજાર જેવી સરકારી યોજનાઓ ખેડૂતોને લાભ આપે છે. આજે ખેડૂતો ભારતના અર્થતંત્રનો મુખ્ય આધાર બન્યા છે.

(15) **મજૂરો** - ગાંધીજીએ ૧૯૧૮માં 'અમદાવાદ ટેક્સટાઇલ લેબર એસોસિએશન' (TLA) ની સ્થાપના કરી હતી. ગાંધીજી માનતા હતા કે વાસ્તવિક માલિક મજૂર છે. તેમણે અમદાવાદના કપાસ મિલના કામદારોને કહ્યું કે તેઓ મિલોના ખરા માલિક છે; જો ટ્રસ્ટ તેમના હિતમાં કામ ન કરે, તો કામદારોએ તેમના અધિકારો માટે સત્યાગ્રહ શરૂ કરવો જોઈએ.[14] ભારતમાં કામદાર સંગઠનો અને હડતાલ જેવા સંઘર્ષોનો પોતાનો ઇતિહાસ છે. ભારત હોય કે વિશ્વના અન્ય દેશો, તેમની માંગણીઓને ભાગ્યે જ ગંભીરતાથી લેવામાં આવી છે. હંમેશા તેઓ શોષણ અને દમનનો ભોગ બન્યા છે. ગાંધીજીએ તેમને સત્યાગ્રહના રૂપમાં સંઘર્ષનું એક નવું સાધન આપ્યું. વધુમાં, મહાત્મા ગાંધી જેવા રાષ્ટ્રીય નેતાના સહયોગથી મજૂર આંદોલન પ્રત્યેના દૃષ્ટિકોણમાં પરિવર્તન આવ્યું, જેના પુરાવા તેમના ઘણા આંદોલનોની સફળતા હતી.

સ્વતંત્ર ભારતમાં ઉત્પાદન ક્ષેત્રે કુશળ અને અકુશળ શ્રમે ભારતને ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનાવ્યું છે. રસ્તાઓ, પુલો, રેલ્વે અને શહેરી માળખાગત સુવિધાઓ બનાવવામાં મજૂરોનો મહત્વનો ફાળો રહ્યો છે. કુશળ વ્યાવસાયિકોને કારણે આઈટી ક્ષેત્ર, બેંકિંગ, આરોગ્યસંભાળ અને શિક્ષણનો વિકાસ થયો છે. કારીગરો અને વણકરો આર્થિક વિકાસને ટેકો આપવાની સાથે સાથે ભારતની પરંપરાગત હસ્તકલાને સાચવે છે. આજે શ્રમ કાયદાઓ અને મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) જેવી યોજનાઓના અમલીકરણથી આજીવિકામાં સુધારો થયો છે. દેશના ટકાઉ વિકાસ માટે કૌશલ્ય વિકાસ, રોજગાર સર્જન અને શ્રમ અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરતી સરકારી નીતિઓ મહત્વપૂર્ણ બાબત છે.

(16) **આદિવાસીઓ** - ગાંધીજી માનતા હતા કે સદીઓથી નિર્દોષ, ભોળા અને સરળ આદિવાસીઓનું શોષણ થતું રહ્યું છે. વનવાસીઓ હોવાને કારણે, લોકોએ વન પેદાશો પરના તેમના સ્વાભાવિક અધિકારોને પડકારીને તેમને વિસ્થાપિત કર્યા. પોતાની મૂળ સંપત્તિથી વિખૂટા પડી જવાથી, આ આદિવાસીઓ બહારની સંપત્તિ સાથે ભળી શક્યા નહીં, તેથી એક સાંસ્કૃતિક સમસ્યા ઊભી થઈ. આજે પ્રકૃતિ અને સંસ્કૃતિ બંનેનું રક્ષણ કરવા માટે આદિવાસીઓના રિવાજો અને પરંપરાઓનું રક્ષણ કરવું જરૂરી બન્યું છે. આ માટે ગાંધીજીએ આદિવાસીઓની સેવા પણ રચનાત્મક કાર્યક્રમોનો એક ભાગ બનાવ્યો. સમાનતા અને એકતા દ્વારા જ વિદેશી શક્તિ સામે એક મહાન સંઘર્ષ ચલાવી શકાય આ વિચારને પોતાના ધ્યેય તરીકે લઈને, મહાત્મા ગાંધીએ સમાજના તમામ

વંચિત વર્ગોને મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયાસ કર્યો. આદિવાસી સમૂહોનું પછાતપણું, નિરક્ષરતા, શોષણ વગેરેને દૂર કરીને, તેમણે આદિવાસીઓને માત્ર સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેવા માટે જ પ્રેરિત કર્યા નહીં પરંતુ નવા ભારતના નિર્માણમાં તેમની ભૂમિકા પણ સુનિશ્ચિત કરી.

આજે, ભારતના આદિવાસી સમુદાયોએ સંસ્કૃતિ, અર્થતંત્ર, પર્યાવરણ અને સામાજિક પ્રગતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં દેશના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ઐતિહાસિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા હોવા છતાં ભારતના વિકાસને આકાર આપવામાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. આદિવાસીઓએ જંગલો, વન્યજીવન અને જૈવવિવિધતાના રક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. કૃષિ, હર્બલ દવા અને જળ સંરક્ષણમાં તેમના પરંપરાગત જ્ઞાને પર્યાવરણીય ટકાઉપણુંમાં મદદ કરી છે. આદિવાસી સમુદાયોએ તેમની અનન્ય કલા, સંગીત, નૃત્ય અને તહેવારો દ્વારા ભારતના સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવ્યો છે. છાઉ, સંથાલી અને બિહુ જેવા તેમના લોકગીતો અને નૃત્યોને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે માન્યતા મળી છે. આદિવાસી પૃષ્ઠભૂમિના ઘણા વ્યક્તિઓએ રમતગમત (મેરી કોમ, દુતી ચંદ, જૌના મુર્મુ) અને રાજકારણ (ભારતના પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ) સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. ભારતના વિકાસમાં આદિવાસીઓનું યોગદાન મૂલ્યવાન અને બહુપક્ષીય છે. વિસ્થાપન અને હાંસિયામાં ધકેલાઈ જવા જેવા પડકારો છતાં, તેઓ ભારતની પ્રગતિમાં અભિન્ન ભૂમિકા ભજવી રહ્યા છે.

**(17) રક્તપિત્તના રોગીની સેવા** - લોકસેવા કરવાની તેમના સ્વભાવમાં સહજવૃત્તિ હતી. તેઓ પોતે રક્તપિત્તના દર્દીઓની સેવા કરતા હતા. સેવાની ભાવનાને કારણે, ગાંધીજીએ પોતાની ભૂમિકા નેતાની જગ્યાએ સંતની બનાવી લોકોને માનવ સેવાનું મહત્વ સમજાવ્યું. આજે પણ આ ભાવનાની ખૂબ જ જરૂર છે; જે જાતિ, ધર્મ અને વર્ગના ભેદભાવથી પરે માનવીને માનવીનો પરિચય કરાવે છે.

આજના ભારતમાં રક્તપિત્ત સેવા, મુખ્યત્વે રક્તપિત્ત નાબૂદી અને પુનર્વસનના પ્રયાસોનો ઉલ્લેખ કરે છે, જે ભારતના વિકાસમાં વિવિધ રીતે નોંધપાત્ર યોગદાન આપે છે. ભારતે રક્તપિત્તને નિયંત્રિત કરવા અને નાબૂદ કરવા માટે 1983 માં રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ (NLEP) શરૂ કર્યો. WHO ના સમર્થનથી મફત મલ્ટી-ડ્રગ થેરાપી (MDT) શરૂ કરવામાં આવી જેનાથી રક્તપિત્તના કેસોમાં ભારે ઘટાડો થયો છે. ધ લેપ્રસી મિશન ઇન્ડિયા (TLMI) અને NGO જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ સાજા થયેલા રક્તપિત્તના દર્દીઓ માટે પુનર્વસન, કૌશલ્ય વિકાસ અને રોજગાર તરફ કામ કરી રહી છે. ભારતે

રક્તપિત્ત સંશોધન, રસીઓ અને સારવાર પદ્ધતિઓમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ICMR (ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ) અને વિવિધ મેડિકલ કોલેજો જેવી સંસ્થાઓ રક્તપિત્ત નિયંત્રણ અને નિવારણ પર અભ્યાસ કરે છે. રક્તપિત્ત નિયંત્રણમાં ભારતની સફળતાએ અન્ય દેશો માટે એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. ભારતે આ રોગને નિયંત્રિત કરવામાં અને લગભગ નાબૂદ કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જે દેશના એકંદર વિકાસમાં ફાળો આપે છે.

**(18) વિદ્યાર્થીઓ** - ગાંધીજી માનતા હતા કે વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે.તેમણે દેશના સામાજિક અને આર્થિક વિકાસ માટે પ્રતિબદ્ધ રહેવાની જરૂર છે. ગાંધીજીએ લખ્યું હતું કે વિદ્યાર્થીઓના શરીર અને મનને શિક્ષિત કરવાને બદલે, તેમના આત્માને શિક્ષિત કરવામાં વધુ મહેનત કરવાની આવશ્યકતા છે. ગાંધીજી વિદ્યાર્થીઓને ફક્ત જ્ઞાનના શોધક અને સંશોધક માનતા હતા. જો તેમના કિંમતી સમય અને પ્રતિભાને યોગ્ય દિશા આપવામાં આવે, તો તેઓ ભારતના ઉજ્જવળ ભવિષ્યને આકાર આપી શકે તેમ છે.

આજે ભારતના ભવિષ્યને ઘડવામાં વિદ્યાર્થીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દેશના યુવાનો તરીકે તેમનું યોગદાન શિક્ષણ, સમાજસેવા, ટેકનોલોજી, અર્થતંત્ર અને શાસનમાં વ્યાપેલું છે. વિદ્યાર્થીઓ શૈક્ષણિક, સંશોધન અને નવીનતામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને, ભારતની બૌદ્ધિક મૂડીને મજબૂત બનાવવામાં મહત્વનું યોગદાન આપે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા હેકાથોન અને વિવિધ સ્પર્ધાઓમાં યુવા ભાગીદારી રાષ્ટ્રીય સમસ્યાઓના સર્જનાત્મક ઉકેલો તરફ દોરી જાય છે. ઘણા યુવા ઉદ્યોગસાહસિકો સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને મેક ઇન ઇન્ડિયા જેવી પહેલ હેઠળ સ્ટાર્ટઅપ્સ શરૂ કરી રહ્યા છે. વિદ્યાર્થી રાષ્ટ્રના ભવિષ્યની કરોડરજ્જુ છે. તેઓ એક મજબૂત અને વધુ સમૃદ્ધ ભારતને આકાર આપવાનું કાર્ય કરી રહ્યા છે.

**નિષ્કર્ષ** : આજે શાંતિપૂર્ણ અને સ્વસ્થ સમાજના વિકાસ માટે આ કાર્યક્રમોનું મહત્વ નકારી શકાય તેમ નથી. વૈશ્વિક કટોકટીના આ સમયગાળામાં આ કાર્યક્રમો વર્તમાનમાં પણ સુસંગત છે અને ભવિષ્યમાં પણ રહેશે. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમનો હેતુ ભારતના સામાજિક-આર્થિક ઉત્થાનનો હતો તેમણે આત્મનિર્ભર પદ્ધતિઓ સાથે ભારતની રાજકીય સ્વતંત્રતા તરફ જવાનો માર્ગ સૂચવ્યો. સત્ય અને અહિંસા ગાંધીવાદી રચનાત્મક કાર્યક્રમની મૂળભૂત પદ્ધતિ છે.

**સંદર્ભ** :

1. **ए. अन्नामरे** (2019) **'राष्ट्र के पुनर्निर्माण की राह' योजना, अक्टूबर, प्रकाशन विभाग, सूचना एवं प्रसारण मंत्रालय, भारत सरकार, नई दिल्ली, पृ.** 53.

2. **कलेक्टेड वर्क्स ऑफ महात्म गांधी टवस.**82 **प्रकाशन विभाग भारत सरकार, नई दिल्ली पृ.** 141.

3. कुल्कर्णी, सुधीर (2019) 'गांधी से बड़ा अमन का पुजारी कौन' नई दुनिया 2 अक्टूबर

4. पाठक, शीलकांत (2019) 'गांधी एक भव्य इवेंट नहीं' नवभारत 29 सितंबर

5. पूर्वोक्त (2019) पृ. 54

6. पूनिया, बलकार सिंह (2007) 'गांधीवाद का आर्थिक चिंतन' 'कुरूक्षेत्र' अक्टूबर, प्रकाशन विभाग, सूचना एवं प्रसारण मंत्रालय, भारत सरकार, नई दिल्ली, पृ. 63.

7. Gandhi, M.K. (2003) Constructive Programme – Its Meaning and Place, Navjivan, Ahmedabad

8. आयंगर, सुदर्शन (2017) 'गांधीजी और स्वच्छता' कुरूक्षेत्र, अक्टूबर, पृ. 46-47

9. श्रीमान नारायण, 'महात्मागांधीः द एटॉमिक मैन' सोमया पब्लिकेशन, नई दिल्ली, पृ. 31

10. झा, मधु (2010) 'गांधीः नारी विषयक दृष्टिकोण' गांधी अध्ययन, द्वितीय संस्करण, संपादन मनोज झा, ओरिएंट ब्लैक स्वान, प्रा.लि. हैदराबाद, पृ. 129.

11. नई दुनिया (2019) 29 सितंबर, पृ. 4

12. त्रिपाठी, कन्हैया (2008) 'गांधी की आर्थिक दृष्टि' योजना, अक्टूबर, प्रकाशन विभाग, नई दिल्ली पृ. 48

13. विपिन चंद्र (1999) 'भारत का स्वतंत्रता संघर्ष' हिन्दी माध्यम कार्यान्वयन निदेशालय, दिल्ली वि.वि. नई दिल्ली, पृ 156.

14. पूर्वोक्त (1999) पृ 185.

સંદર્ભસૂચિ :

**1. Dhavan, G.; The political philosophy of Mahatma Gandhi, Navjivan Publishing House, Ahmedabad, 1946.**
**2. Parekh, Bhikhu; Gandhi; Oxford, 1997.**
**3. Verma, M. M.; Gandhi's Technique of mass mobalization; R. K. Gupta & company, New Delhi, 1990.**
**4. Pyarelal; Mahatma Gandhi, the last phase; Volume 1; Navjovan, Ahmedabad, 1956.**
**5. The constructive Programme – Its Perspective and dynamics', compiled by Gopalrao Kulkarni, C.K. Narayanswami, Neksat Khan, Congress House, 1945.**
**6. Collected Works of Mahatma Gandh, Publications Division, New Delhi.**
**7. Gandhi, M. K., Constructive Programme – Its Meaning and Place, Navjivan, Ahmedabad, 2003 edn.**
**8. Nagler, Michael, (2014). The Nonviolence Handbook. San Francisco: Berrett-Koehler, Pages 33-38.**